ભારતીય રિઝર્વ બેંક/2006-07/211
સંદર્ભ. નં.ડીજીબીએ.સીડીડી.નં.એચ.9741/15.15.001/2006-07

18 ડિસેમ્બર, 2006

શ્રી જનરલ મેનેજર
સરકારી હિસાબ ખાતુ, વડી કચેરી
સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા / સ્ટેટ બેંક ઓફ ઈન્દોર / સ્ટેટ બેંક ઓફ પતિયાળા
સ્ટેટ બેંક ઓફ બીકાનેર અને જયપુર / સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર
સ્ટેટ બેંક ઓફ ત્રાવણકોર / સ્ટેટ બેંક ઓફ હૈદરાબાદ / સ્ટેટ બેંક ઓફ મૈસુર
અલાહાબાદ બેંક / બેંક ઓફ બરોડા / બેંક ઓફ ઈન્ડિયા / બેંક ઓફ મહારાષ્ટ્ર /
કેનેરા બેંક / સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા / કોરપોરેશન બેંક / દેના બેંક / ઈન્ડિયન બેંક /
ઈન્ડિયન ઓવરસિઝ બેંક / પંજાબ નેશનલ બેંક / સિન્ડીકેટ બેંક / યુકો બેંક /
યુનિયન બેંક ઓફ ઈન્ડિયા / યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા / વિજ્યા બેંક /
આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ

મહાશય,

**વરિષ્ઠ નાગરિક બચત યોજના, 2004 - વહેલા ઉપાડના કેસમાં વ્યાજની ચુકવણી - ચોખવટ**

વરિષ્ઠ નાગરિક બચત યોજના, 2004 હેઠળ વહેલા ઉપાડના કેસમાં થાપણદારને ચૂકવવાપાત્ર તૂટના ગાળાના વ્યાજ સંબંધમાં અમને સંખ્યાબંધ પૂછપરછ થઈ રહી છે. આ બાબતમાં ભારત સરકારના નાણા મંત્રાલયને પૂછાણ કરવામાં આવતાં તેમણે તેમના 11 મે, 2006 ના પત્ર નં.એફ/15/8/2005/એનએસ-II થી સ્પષ્ટતા કરી છે કે યોજનાના નિયમ 9(1)(એ)(બી) અન્વયે વહેલી ઉપાડ વખતે થાપણની રકમમાંથી દંડની રકમ કાપવાની છે અને તેથી, મુદ્દલ રકમમાંથી શિક્ષાત્મક રકમ કાપવાની થાય છે. જો કે, થાપણની કુલ રકમ પર 9% ના દરે વ્યાજની ગણતરી મુદત પૂર્વ સમાપ્તિની તારીખ સુધી કરવાની થશે, કારણ કે હિસાબમાં કુલ થાપણ તે તારીખ સુધી ઉપલભ્ય બનશે.

2. આ પરિપત્રની હકીકત ઉપર્યુકત યોજનાના અમલ માટે તમારી બેંકની પદનામિત શાખાઓની જાણમાં લાવવી.

3. આ પત્ર મળ્યાની પહોંચ મોકલવા વિનંતી.

આપનો વિશ્વાસુ,

(બાલુ કે.)
ઉપ મહાપ્રબંધક